કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, અમદાવાદ

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, સુભાષબ્રિજ સર્કલ પાસે, અમદાવાદ - ૩૮૦૦૨૭
ફોન નંબર : ૦૭૯-૨૭૫૬૧૯૭૦ ઇ-મેઇલ : collector-ahd@gujarat.gov.in

હુકમ નં. 76/07/08/044/2019

તા. 21/05/2019

વંચાણે લીધા :-

(૧) અરજદારશ્રી Kanbhai Fulabhai Gohel
રહે. Darbara Fali, At-Rajoda, Ta-Bavla, Bavla-382220 ની તા. 16/03/2019 ની ઓનલાઇન અરજી તથા સોગંદનામુ

(૨) મુંબઇ જમીન મહેસૂલ કાયદો ૧૮૭૯ ની કલમ - ૪૮, ૫૬, ૬૬ તથા ૬૭

(૩) ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ ના નિયમ ૮૧, ૧૦૦, ૧૦૧, ૧૦૨

(૪) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક તા.૦૧/૦૭/૨૦૦૮

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગનાં પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક તા.૦૮/૦૫/૨૦૧૮

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક: એસ/ટીપી/૧૨૨૦૯/૭૬૯/૧૧/હ.૧ તા. ૩૧/૦૩/૨૦૧૧

(૭) iRCMS પોર્ટલ પરની કેસ વિગત

હુકમ :-

વંચાણે લીધેલ ક્રમ (૧) ની અરજી તથા સોગંદનામા થી અરજદારશ્રી Kanbhai Fulabhai Gohel એ મોજે બાવળા તા. બાવળા જિ. અમદાવાદ ના સરવે/બ્લોક નં. 2972 ના ક્ષેત્રફળ 5,325.00 ચો.મી. ની જમીન અંગે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતીના હેતુ માટે પરવાનગી આપવા વિનંતી કરેલ છે.

સવાલવાળી જમીનના ગામ નમૂના નં. ૭/૧૨ માં કબજેદારોની વિગત નીચે મુજબ છે.

સરવે/બ્લોક નંબર ટી.પી. નંબર એફ.પી. નંબર	માંગણીનું ક્ષેત્રફળ (ચો.મી.)	કબજેદારોના નામ (ખાતા નં. 1276)	જમીનનો સત્તાપ્રકાર (૭/૧૨ મુજબ)
સરવે/બ્લોક નં. : 2972 જુનો સરવે/બ્લોક નં. : 91 ટી.પી. નં. : 1 એફ.પી. નં.: 189	5,325.00	કાનભાઇ ફુલાભાઇ ભીખુભાઇ ફુલાભાઇ	જુની શરત (જુ.શ)

વસુલ કરવામાં આવેલ કરવેરાની વિગત નીચે મુજબ છે.

કરની વિગત	સદર	માંગણીનું ક્ષેત્રફળ (ચો.મી.)	દર રૂ. પ્રતિ ચો.મી.	કુલ રકમ રૂ.
રૂપાંતર કર	569-0035-00-800-01	5,325.00	8.00	42,600.00
વિશેષ ધારો	570-0035-00-101-01	5,325.00	0.60	3,195.00
લોકલ ફંડ	574-0029-00-103-01	5,325.00	0.30	1,598.00
શિક્ષણ ઉપકર	575-0045-00-108-01	5,325.00	0.15	799.00
માપણી ફી	577-0029-00-106-01	5,325.00	---	1,800.00
			કુલ રૂ.	49,992.00

ઉપર્યુકત તમામ હકીકતો ધ્યાને લઇ મોજે બાવળા તા. બાવળા જિ. અમદાવાદ ના સરવે/બ્લોક નં. 2972 ના ક્ષેત્રફળ 5,325.00 ચો.મી. ની જમીનને નીચે જણાવેલ શરતોને આધિન ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતી હેતુ માટે પરવાનગી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો : -

(૧) આ હુકમ મળ્યેથી બે માસમાં "એમ" નમૂનામાં સનદ પ્રાપ્ત થશે.

(૨) જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડની કચેરીમાં માપણી ફી જમા કરાવેલ છે. જેથી માપણી કરી / કરાવી આ હુકમ આધારે તેમજ મંજૂર થયેલ પ્લાન મુજબ દુરસ્તી પત્રક તૈયાર કરવાનું / કરાવવાનું રહેશે અને દુરસ્તી પત્રકનો મહેસૂલી દફતરે અમલ થયા બાદ જ પ્રશ્નવાળી બિનખેતીની જમીન / પ્લોટનું રજી. દસ્તાવેજથી થયેલ વેચાણ વ્યવહારના અમલ માટે નોંધ પાડવાની રહેશે.

(૩) અરજદારે પ્રતિ વર્ષે ખેતી સિવાયનો ધારો (વિશેષધારો) દર પ્રતિ ચો.મી. ના રૂ. 0.60 પ્રમાણે રૂ. 3,195.00 તેમજ નિયમ પ્રમાણે લોકલ ફંડ તથા શિક્ષણ સેસ ભરવો પડશે જે અંગેનો દર વખતોવખત ફેરફારને પાત્ર રહેશે.

(૪) બાવળા નગરપાલિકા એ મંજૂર કરેલા પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે અને હુકમ થયા તારીખથી ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.

(૫) સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ નં. બખપ/૧૦૯૩/૧૦૫૨/ક તા. ૧૩/૦૯/૧૯૯૩ માં ઠરાવ્યા મુજબ સહીયારા / કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની માલિકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલિકીની ગણાશે તે ઉપર મુળ માલિકનો કોઇ હકક રહેશે નહિ.

(૬) સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા. ૦૭/૦૮/૧૯૯૧ ના પરિપત્ર નં. બખપ-૧૦૯૧/૧૭૫૬/ક ની જોગવાઇ મુજબ બિન અધિકૃત બાંધકામ બાબતે બાંધકામ નિયંત્રણ કરતી સંબંધિત મહાનગરપાલિકા / શહેરી વિસ્તાર સત્તા મંડળએ ધોરણસરનાં પગલાં લેવાના રહેશે.

(૭) સદર જમીનમાંથી પેટ્રોલીયમ / પાણીની કે અન્ય કોઇપણ પ્રકારની પાઇપલાઇન પસાર થતી હશે તો તે સંદર્ભે વિકાસ પરવાનગી આપનાર ઓથોરિટીએ સંબંધિતોનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવી વિકાસ પરવાનગી આપવાની રહેશે.

(૮) સરકારશ્રીનાં મહેસૂલ વિભાગનાં તા. ૦૧/૦૭/૨૦૦૮ ના ઠરાવ નં. બખપ/૧૦૦૬/૪૨૫/ક માં જણાવેલ નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

૧. જિલ્લા ઇન્સ્પેકટરશ્રી, જમીન રેકર્ડ દ્વારા ઇસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઇએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાયેલ હોવી જોઇએ.

૨. બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામનાં નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે. પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચિઠ્ઠી મેળવી શકશે નહિ.

૩. શહેરી વિસ્તાર જયાં ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર થઇ ગઇ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનિંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

૪. મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ગંદા પાણીનાં નિકાલની જોગવાઇ કરવાની રહેશે.

૫. અરજદારે રિબન ડેવલપમેન્ટ રુલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઇ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

૬. ફલોર, મિલ, સિનેમા/ ટુરિંગ સિનેમા/ થિયેટર માટે બિનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૭. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી., એલ.પી.જી. પંપ નાંખવા માટે બિનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૮. ઇન્ડિયન એક્ષપ્લોઝિવ એકટ અન્વયે મેગેનિઝ, ફાયર વર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતા પહેલા જિલ્લા મેજિસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૯. સવાલવાળી જમીન જો રેલવે હદની નજીક હોય તો રેલવેની હદથી નિયમ મુજબ જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

૧૦. સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વીજળી ગ્રિડના તાર/ હાઇટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

૧૧. બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસ નિયમ મુજબની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઇ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવુ ના-વાંધા પ્રમાણપત્ર સિવિલ એવિએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સિવિલ એવિએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૨. ઓ.એન.જી.સી. ના કુવાની નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૩. નર્મદા કેનાલ/ અન્ય સિંચાઇ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૪. અરજદારે/ જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (Protected Monuments) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી નિયમ મુજબનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૯) પ્રશ્નવાળી જમીનમાં નગરપાલિકા/ મહાનગરપાલિકા/ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા જે શરતોએ પરવાનગી આપવામાં આવશે તે શરતોનું પાલન તથા બાંધકામ કરવાનું રહેશે.

(૧૦) આ જમીનમાં વરસાદી પાણીના ભુગર્ભ વહન/ સંચય માટે દર મકાન/ બહુમાળી મકાન દીઠ એકના દરે આ જમીનમાં ઉપર પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા અચુક કરવાની રહેશે તથા-વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરીને બાંધકામ કરવાનું રહેશે.

(૧૧) પ્રશ્નવાળી જમીનમાં સ્થળે થયેલ બાંધકામ સ્થાનિક સ્વરાજની સંસ્થાના નિયમોનુસાર નહિ હોય તો સ્થાનિક સ્વરાજની સંસ્થા નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે. તેમાં આ હુકમથી બાધ આવશે નહિ.

અરજદારે ઉપરોકત શરતોનું પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

(૧૨) ઉપરની કોઇપણ શરતનો ભંગ થયેથી જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૭ મુજબ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમજ બીજી કોઇપણ શિક્ષાને પાત્ર હશે તો તેને બાધ આણ્યા સિવાય કે જે ફરમાવવાનું યોગ્ય લાગે તે પ્રમાણે દંડ અથવા આકાર લઇ સદરહુ જમીનનો કબજો કબજેદાર પાસે ચાલુ રહેવા દઇ શકાશે.

(૧૩) ઉપરોકત શરતોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કલેકટરશ્રી સદરહુ હુકમ વિરૂધ્ધ બાંધેલા અથવા વધારાના કોઇપણ મકાન અથવા ઇમલાને કલેકટરશ્રીએ, આ અર્થે જે મુદત ઠરાવી હોય તે મુદત દરમિયાન તેવી રીતે ખસેડવામાં ન આવે કે સૂચવ્યા મુજબ ફેરફાર ન કરવામાં આવે તો તેમ કરવામાં જે ખર્ચ થાય તે કબજેદાર પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

વધુમાં ઉપર્યુક્ત શરતોને આધીન અરજદાર દ્વારા રજુ થયેલ સોગંદનામાની વિગતોમાં તેઓ દ્વારા જાહેર કરેલી હકીકતોને આધારે સવાલવાળી જમીનના બિનખેતી ઉપયોગ માટે પરવાનગી આપવામાં આવે છે.

રવાના કરવા પ્રમાણિત

જિલ્લા કલેકટર, અમદાવાદ વતી

સહી/-

(ડો વિક્રાંત પાંડે)

કલેકટર, અમદાવાદ

આર.પી.એ.ડી.

પ્રતિ,

Kanbhai Fulabhai Gohel

Darbara Fali

At-Rajoda

Ta-Bavla

Bavla-382220

નકલ રવાના:-

૧. મુખ્ય અધિકારીશ્રી, બાવળા નગરપાલિકા

૨. મામલતદારશ્રી તા. બાવળા જિ. અમદાવાદ (હુકમનો અમલ ગામ દફતરે રેકર્ડ ઓફ રાઈટ્સ મુજબ કરાવવા સારૂ.)

3. જિલ્લા ઈન્સ્પેકટરશ્રી જમીન રેકર્ડ જિ. અમદાવાદ

૪. રેકર્ડ શાખા, કલેક્ટર કચેરી

૫. સીલેક્ટ ફાઇલ, કલેક્ટર કચેરી

* આ હુકમની ઇ-ધરા કેન્દ્ર, બાવળા માં નોંધ નંબર 19530 થી મોજે.- બાવળા તા.- બાવળા જિ.- અમદાવાદ માં નોંધ થયેલ છે.

નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ

અમદાવાદ શાખા કચેરી

બહુમાળી ભવન–૨,ચોથો માળ,વસ્ત્રાપુર સરકારી વસાહત પાસે,ડ્રાઈવ ઈન રોડ, અમદાવાદ–૩૮૦૦૫૨.

Email:-tpvd.ahdbranch@gmail.com ટેલીફોન નં.૦૭૯-૨૭૯૧૦૧૫૫

નં. એન.એ.બી.પી./બાવળા/બાવળા/૫૨૪ તારીખ: ૧૦ /૦૪/૨૦૧૯

પ્રતિ,

શ્રી.કાનભાઈ ફુલાભાઈ તથા અન્ય,

મુ.પો.રજોડા,તા.બાવળા,

જિ.અમદાવાદ.

વિષય :મોજે: બાવળા,તા: બાવળા, જિ:અમદાવાદ ના નવો સ.નં./બ્લોક નં.૨૯૭૨(જુનો સ.નં./બ્લોક નં.૯૧), ટી.પી.૧,એફ.પી.૧૮૯ માં બિનખેતી અંગે લે–આઉટ પ્લાનના અભિપ્રાય બાબત.
સંદર્ભ : આપશ્રીની તારીખ :૦૩–૦૪–૨૦૧૯ ની અરજી અન્વયે.

ઉપરોકત વિષયાન્વયે જણાવવાનું કે, **મોજે: બાવળા, તા: બાવળા, જિ:અમદાવાદ** ના **નવો સ.નં./બ્લોક નં.૨૯૭૨ (જુનો સ.નં./બ્લોક નં.૯૧), ટી.પી.૧,એફ.પી.૧૮૯** ની **૫૩૨૫.૦૦** ચો.મી. જમીનમાં **રહેણાંક (ફલેટ)** હેતુ માટેના લે–આઉટ પ્લાન તાંત્રિક ચકાસણી સારૂ આપે અત્રે રજુ કરેલ છે. સદર લે–આઉટ પ્લાનની નીચે દર્શાવેલ શરતોને આધિન શરતી મંજુર કરવા માટે ભલામણ કરવામાં આવે છે.

<u>શરતો :</u>

(૧) સૌ પ્રથમ કલેકટરશ્રી/જિલ્લા/તાલુકા વિકાસ અધિકારી પાસેથી બિનખેતીની મંજુરી મેળવી લેવાની રહેશે અને ત્યારબાદ જ બાંધકામ કરવાનું રહેશે.

(૨) પ્રસ્તુત પ્રકરણે અત્રેથી હાલે કોઈ પ્રકારની વિકાસ પરવાનગી કે બાંધકામ પરવાનગી આપવામાં આવેલ નથી.પરંતુ બિનખેતી પ્રકરણે લે–આઉટ સંબંધિત સૈધ્ધાંતિક મંજૂરી માટે ભલામણ કરવામાં આવે છે.બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામના નકશાની ચકાસણી કરાવી જે તે સક્ષમ અધિકારીશ્રી પાસે મંજુર કરાવી લેવાના રહેશે.

(૩) જે તે સ્થાનિક સંસ્થા પાસેથી જે તે પ્રકારની પરવાનગી મેળવી લેવાની રહેશે.

(૪) લે–આઉટ પ્લાનમાં દર્શાવેલ માર્જીન તથા ખુલ્લી જગ્યાઓ સ્થળ ઉપર છોડવાની સંપૂર્ણ જવાબદારી માલિકની રહેશે.

(૫) બિનખેતી પરવાનગી માટેની માંગણી કરેલ જમીનમાંથી અથવા નજીકથી પસાર થતા વર્ગીકૃત રસ્તાથી છોડવા પડતા અંતર માટે સંબંધિત ખાતા પાસેથી વાંધારહિત પ્રમાણપત્ર મેળવાનું રહેશે અને તે પ્રમાણે સ્થળ પર અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૬) બિનખેતી પરવાનગી માટે માંગણી કરેલ જમીનમાંથી અથવા નજીકથી પસાર થતી હાઈટેન્શન ઈલેકટ્રીક ઓવરહેડ લાઈનથી છોડવા પડતા અંતર માટે સંબંધિત ખાતા પાસેથી વાંધારહિત પ્રમાણપત્ર મેળવાનું રહેશે અને તે મુજબ સ્થળ પર અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૭) બિનખેતીની પરવાનગી માટે માંગણી કરેલ જમીનમાંથી અથવા નજીકથી પસાર થતી ઓ.એન.જી.સી. પાઈપ લાઈન તથા ગેસ પાઈપ લાઈનથી છોડવા પડતા અંતર માટે સંબંધિત ખાતા પાસેથી વાંધારહિત પ્રમાણપત્ર મેળવાનું રહેશે અને તે પ્રમાણે સ્થળ પર અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૮) બિલ્ડીંગ પ્લોટોમાં માપો મળી રહેતા હોય તો જ બાંધકામ કરવાનું રહેશે.

(૯) બિનખેતીના કામે અભિપ્રાય જે તે સર્વે નંબર અથવા અંતિમખંડ અગર પ્લોટની જમીન પુરતો જ આપવામાં આવેલ છે.

(૧૦) આ અભિપ્રાયના કારણે અરજદારની માલિકી તથા જમીન હદ વિસ્તાર તથા ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી. પરંતુ નિયમાનુસાર લે–આઉટ પ્લાન અંગેનો જ અભિપ્રાય આપવામાં આવેલ છે. અરજદારની માલિકી તથા જમીનની હદ, વિસ્તાર, ક્ષેત્રફળ અંગે સંબંધિત ખાતા પાસેથી ચકાસણી કરાવવાની રહેશે.

(૧૧) બિનખેતી પરવાનગી માટેની માંગણી કરેલ જમીનમાંથી અથવા નજીકથી પસાર થતી રેલ્વે લાઈનથી છોડવા પડતા અંતર માટે સંબંધિત ખાતા પાસેથી વાંધારહિત પ્રમાણપત્ર મેળવવાનું રહેશે અને તે પ્રમાણે અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) બિનખેતી પરવાનગી માટેની માંગણી કરેલ જમીનમાંથી અથવા નજીકથી પસાર થતી કેનાલ/વોટર કોર્સથી છોડવા પડતા અંતર માટે સંબંધિત ખાતા પાસેથી વાંધારહિત પ્રમાણપત્ર મેળવવાનું રહેશે અને તે પ્રમાણે અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે

(૧૩) બિનખેતી પરવાનગી માટેની માંગણી કરેલ જમીનમાં આવવા–જવા માટેના કાયદેસરના રસ્તા અંગેની ચકાસણી કરવાની રહેશે.

(૧૪) ઉદ્યોગ ખાતાના જે તે સંબંધિત અધિકારીશ્રીનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે.

(૧૫) પ્રદૂષણ અંગે એર એન્ડ વોટર પોલ્યુશન બોર્ડના જે તે સંબંધિત અધિકારીશ્રીનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે.

(૧૬) લે–આઉટમાં દર્શાવેલ કોમન પ્લોટની માલિકી સહિયારી રહેશે.

(૧૭) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૯–૦૫–૨૦૦૧ ના હુકમ નં.પરચ/ ૧૦૨૦૦૧/ ૪૫૫/લ ની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૮) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ નં. પરચ–૧૦૨૦૦૪–૧૯૬૧–લ, તારીખ: ૨૭–૦૭– ૨૦૦૪ના હુકમ અન્વયે વરસાદી પાણીના ભૂતળવહન માટેની જોગવાઈઓ કરવાની રહેશે.

(૧૯) અન્ય :

૧. સરકારશ્રી દ્વારા પાતાળકુવા/શોષ કુવા બાબતે જે નીતિ નકકી કરવામાં આવે તે મુજબ અમલ અરજદારશ્રીએ કરવાનો રહેશે.

૨. મોજે : બાવળા ના હયાત વિકાસને ધ્યાને લઈ સૂચિત સદર મંજુરીથી થનાર વિકાસ અર્થે જાહેર હિતમાં સત્તામંડળ દ્વારા મંજુરી મુજબ અમલીકરણની તથા પૂરી પાડવાની થતી પાયાની સુવિધાઓ જેવી કે રસ્તા, પાણી, ગટર, વરસાદી પાણીનો નિકાલ, ટ્રાફિક તથા અન્ય બાબતો ધ્યાને લઈ સત્તામંડળની ક્ષમતા અંગે વિચારણા કર્યા બાદ યોગ્ય જણાય તો જ આગળની કાર્યવાહી કરવાની થશે.

૩. સવાલવાળી જમીનથી મુખ્ય રસ્તા સુધી પાકા રસ્તાની વ્યવસ્થા જમીન માલિકશ્રીએ ઉપયોગ શરૂ કરતાં અગાઉ પોતાના ખર્ચે કર્યા બાદ ઉપયોગ શરૂ કરી શકાય તેવી જોગવાઈ કરવાની રહેશે.

૪. જો સરકારશ્રી દ્વારા ટાઉનશીપ અંગે કોઈ નીતિ ભવિષ્યમાં અમલમાં મુકવામાં આવે અને તે સવાલવાળી જમીનને લાગુ પડતી હોય તો અરજદારશ્રી દ્વારા તેનો અમલ કરવાનો રહેશે તેની બાંહેધરી મેળવવી જરૂરી જણાય છે.

૫. આ અભિપ્રાય અરજદારશ્રી દ્વારા રજુ કરવામાં આવેલ વિગતોના આધારે આપવામાં આવેલ છે રજુ કરેલ એકપણ કે તેથી વધુ વિગતો ખોટી હોવાનું જાહેર થયેથી આ અભિપ્રાય રદ થયેલ ગણાશે.તેમજ તેની સઘળી જવાબદારી અરજદારશ્રી/એન્જીનીયરશ્રી ની રહેશે.

૬. સવાલવાળી જમીનના પ્રવેશ રસ્તાની હયાતી તથા પહોળાઈ બાબતે સક્ષમ અધિકારીશ્રી દ્વારા ચકાસણી કરાવી લેવાની રહેશે.

૭. સવાલવાળી જમીનના તમામ સ.નં. અંગે ૭/૧૨,માપણી શીટ,સંપાદીત જમીનોના ક્ષેત્રફળની ચકાસણી તથા સવાલવાળી જમીનની માલીકી,ક્ષેત્રફળ,હદ,માપ,૭/૧૨ના ઉતારા,બીજા હકક,હકક પત્રક,નોંધ,સવાલવાળી જમીનમાં કોઈ દાવો થયેલ હોય તે તમામ બાબતોની ચકાસણી બિનખેતીની મંજૂરી આપતા જે તે સક્ષમ અધિકારીશ્રી મારફતે કરાવી લેવાની રહેશે.

૮. ફલેટ પ્રકારના બાંધકામ અંગેનું આયોજન હોઈ સ્ટ્રકચરલ સેફટી અંગેની જવાબદારી અરજદારશ્રી, ડેવલોપર્સશ્રી, બીલ્ડરશ્રી, જમીનમાલિકશ્રી, એન્જીનીયરશ્રીની રહેશે.

૯. સવાલવાળી જમીનમાં રજુ કરેલ બાંધકામ અંગે અરજદારશ્રીએ રજુ કરેલ તેઓશ્રીના તા.૦૫/૦૪/૨૦૧૯ ના સોગંદનામા માં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. સવાલવાળી જમીનમાં આયોજન કરેલ સૂચિત બાંધકામ અંગે પર્યાવરણ ની જાળવણી માટે નિયમાનુસર સૌ પ્રથમ સંબંધિત અધિકારીશ્રીનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે.ત્યાર બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૧૧. સવાલવાળી જમીનની આજુબાજુમાં અભયારણ્ય,એસ.આઈ.આર.,આર્કીયોલોજી કે અન્ય વિભાગને લગતા કાયદાઓ/ નિયંત્રણો અન્વયે અરજદારશ્રીએ સૌ પ્રથમ ના–વાંધા પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે.ત્યારબાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૧૨. સવાલવાળી જમીનમાં રજુ કરેલ બાંધકામ અંગે સંબંધિત વિભાગ/સરકારી/અર્ધસરકારી/નિગમો/બોર્ડ વિગેરે તરફથી મેળવવાના થતા " નાં વાંધા પ્રમાણપત્ર " મેળવી લેવાના રહેશે.

૧૩. સવાલવાળી જમીનમાં જી.ડી.સી.આર.ની જોગવાઈઓ મુજબ ટ્રી પ્લાન્ટેશન,પરકોલેટીંગ વેલનું આયોજન કરવાનું રહેશે.

૧૪. સવાલવાળી જમીનમાં રહેણાંક યુનીટ માટે વિકાસ સુચવેલ હોઈ તે મુજબ પીવાના પાણીનો તથા ગંદા પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા તથા તેની જાળવણી માટેની વ્યવસ્થા ડેવલપર/જમીન માલિકે કરવાની રહેશે.

૧૫. મુખ્ય રસ્તાના લેવલથી સુચિત પ્લોટોમાંના બાંધકામનું પ્લીન્થ લેવલ ઉંચું રાખવાનું રહેશે.

૧૬. સ્યુએજ વેસ્ટ વોટરનું પૂર્ણ વૈજ્ઞાનિક ઢબે શુધ્ધિકરણ કરી,સદર શુધ્ધ થયેલ પાણીનો નિકાલ પ્રશ્નવાળી જમીનમાં જ બાગ–બગીચા વિગેરે માટે થાય તેમ 'ઝીરો વેસ્ટ વોટર આઉટ સાઈડ ડીસ્પોઝલ'નું આયોજન અને અમલીકરણ કરવાની સંપુર્ણ જવાબદારી ડેવલપર/જમીન માલિકની રહેશે.

૧૭. સોલીડ વેસ્ટ તથા વોટર ડીસ્પોઝલ માટે સોઈલ સ્યુટેબલીટી રીપોર્ટને આનુસાંગિક હાયજીકનીકલી ડીસ્પોઝલ તથા મેઈન્ટેનન્સની યોગ્ય વ્યવસ્થા સહનું આયોજન અને અમલીકરણ કરવાની સંપુર્ણ જવાબદારી ડેવલપર/જમીન માલીકની રહેશે.

૧૮. પ્રશ્નવાળી જમીનમાં સુચિત વિકાસ અન્વયે તમામ આંતરમાળખાકીય સવલતોનો વિકાસ ડેવલપર/ જમીન માલીકે કરવાનો રહેશે,તદ્ઉપરાંત વપરાશ ચાલુ થયા બાદ જયાં સુધી આવો વિસ્તાર નગરપાલિકામાં ભળે નહી ત્યાં સુધિ આંતરમાળખાકીય સવલતોની જાળવણી/નિભાવણી કરવાની જવાબદારી ડેવલપરની રહેશે.

૧૯. ફલેટ પ્રકારનું બાંધકામ હોઈ,અધિકૃત સંસ્થામાંથી સવાલવાળી જમીનનો સોઈલ ટેસ્ટીંગ રીપોર્ટ મેળવી તે મુજબ સ્ટ્રકચરલ ડિઝાઈન તૈયાર કરી અરજદારશ્રી, ડેવલોપર્સશ્રી, બીલ્ડરશ્રી, જમીનમાલિકશ્રી, એન્જીનીયરશ્રી એ બાંધકામ કરવાનું રહેશે.

૨૦. ફાયર સેફટી માટે જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે તથા તે અંગેનું જરૂરી "ના વાંધા પ્રમાણપત્ર જે તે સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવી લેવાનું રહેશે.

૨૧. કાર્યપાલક ઈજનેરશ્રી,અમદાવાદ સિંચાઈ વિભાગ,અમદાવાદના જા.નં.અસિવિ/પી.બી.૪/બાવળા/અભિપ્રાય/૧૧૫૫, તા.૩૦/૦૩/૨૦૧૯ માં જણાવેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

૨૨. સવાલવાળી જમીનની લાગુ જમીનમાંથી પસાર થતી કેનાલથી છોડવા પડવા માર્જીન અંગે અરજદારશ્રીએ રજુ કરેલ તેઓશ્રીના તા.૧૦/૦૪/૨૦૧૯ ના સોગંદનામા માં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.તેમજ અરજદારશ્રીને બંધનકર્તા રહેશે.

આમ, ઉપરોકત વિગતોએ ભલામણ કરેલ નકશાની બે નકલો આ સાથે સામેલ છે, જે વિદિત થાય.

બિડાણ : ઉપર મુજબ.

અત્રે રજુ થયેલ પ્લાનમાં સહી સિક્કા કરેલ સ્ટ્રકચરલ એન્જીનીયરશ્રી, આર્કિટેક્ટશ્રીના નામ પ્રોજેકટના સાહિત્ય/બ્રોસરમાં તથા સ્થળે સાઈન બોર્ડ ઉપર દર્શાવવાના રહેશે.

નગર નિયોજક
અમદાવાદ

<u>નકલ સવિનય રવાના :</u>
જિલ્લા કલેકટરશ્રી,અમદાવાદ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.

નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ

અમદાવાદ શાખા કચેરી

બહુમાળી ભવન-૨,ચોથો માળ,વસ્ત્રાપુર સરકારી વસાહત પાસે,ડ્રાઈવ ઈન રોડ, અમદાવાદ-૩૮૦૦૫૨.

Email:-tpvd.ahdbranch@gmail.com   ટેલીફોન નં.૦૭૯-૨૭૯૧૦૧૫૫

નં. એન.એ.બી.પી./બાવળા/બાવળા/૫૨૪   તારીખ: ૧૦ /૦૪/૨૦૧૯

પ્રતિ,

શ્રી.કાનભાઈ ફુલાભાઈ તથા અન્ય,
મુ.પો.રજોડા,તા.બાવળા,
જિ.અમદાવાદ.

વિષય :મોજે: બાવળા,તા: બાવળા, જિ:અમદાવાદ ના નવો સ.નં./બ્લોક નં.૨૯૭૨(જુનો સ.નં./બ્લોક નં.૯૧), ટી.પી.૧,એફ.પી.૧૮૯ માં બિનખેતી અંગે લે-આઉટ પ્લાનના અભિપ્રાય બાબત.
સંદર્ભ : આપશ્રીની તારીખ :૦૩-૦૪-૨૦૧૯ ની અરજી અન્વયે.

ઉપરોકત વિષયાન્વયે જણાવવાનું કે, **મોજે: બાવળા, તા: બાવળા, જિ:અમદાવાદ ના નવો સ.નં./બ્લોક નં.૨૯૭૨ (જુનો સ.નં./બ્લોક નં.૯૧), ટી.પી.૧,એફ.પી.૧૮૯** ની **૫૩૨૫.૦૦** ચો.મી. જમીનમાં **રહેણાંક (ફ્લેટ)** હેતુ માટેના લે-આઉટ પ્લાન તાંત્રિક ચકાસણી સારૂ આપે અત્રે રજુ કરેલ છે. સદર લે-આઉટ પ્લાનની નીચે દર્શાવેલ શરતોને આધિન શરતી મંજુર કરવા માટે ભલામણ કરવામાં આવે છે.

શરતો :

(૧) સૌ પ્રથમ કલેકટરશ્રી/જિલ્લા/તાલુકા વિકાસ અધિકારી પાસેથી બિનખેતીની મંજુરી મેળવી લેવાની રહેશે અને ત્યારબાદ જ બાંધકામ કરવાનું રહેશે.

(૨) પ્રસ્તુત પ્રકરણે અત્રેથી હાલે કોઈ પ્રકારની વિકાસ પરવાનગી કે બાંધકામ પરવાનગી આપવામાં આવેલ નથી.પરંતુ બિનખેતી પ્રકરણે લે-આઉટ સંબંધિત સૈધ્ધાંતિક મંજૂરી માટે ભલામણ કરવામાં આવે છે.બાંધકામ શરૂ કરતા પહેલા બાંધકામના નકશાની ચકાસણી કરાવી જે તે સક્ષમ અધિકારીશ્રી પાસે મંજુર કરાવી લેવાના રહેશે.

(૩) જે તે સ્થાનિક સંસ્થા પાસેથી જે તે પ્રકારની પરવાનગી મેળવી લેવાની રહેશે.

(૪) લે-આઉટ પ્લાનમાં દર્શાવેલ માર્જીન તથા ખુલ્લી જગ્યાઓ સ્થળ ઉપર છોડવાની સંપૂર્ણ જવાબદારી માલિકની રહેશે.

(૫) બિનખેતી પરવાનગી માટેની માંગણી કરેલ જમીનમાંથી અથવા નજીકથી પસાર થતા વર્ગીકૃત રસ્તાથી છોડવા પડતા અંતર માટે સંબંધિત ખાતા પાસેથી વાંધારહિત પ્રમાણપત્ર મેળવાનું રહેશે અને તે પ્રમાણે સ્થળ પર અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૬) બિનખેતી પરવાનગી માટે માંગણી કરેલ જમીનમાંથી અથવા નજીકથી પસાર થતી હાઈટેન્શન ઈલેકટ્રીક ઓવરહેડ લાઈનથી છોડવા પડતા અંતર માટે સંબંધિત ખાતા પાસેથી વાંધારહિત પ્રમાણપત્ર મેળવાનું રહેશે અને તે મુજબ સ્થળ પર અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૭) બિનખેતીની પરવાનગી માટે માંગણી કરેલ જમીનમાંથી અથવા નજીકથી પસાર થતી ઓ.એન.જી.સી. પાઈપ લાઈન તથા ગેસ પાઈપ લાઈનથી છોડવા પડતા અંતર માટે સંબંધિત ખાતા પાસેથી વાંધારહિત પ્રમાણપત્ર મેળવાનું રહેશે અને તે પ્રમાણે સ્થળ પર અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૮) બિલ્ડીંગ પ્લોટોમાં માપો મળી રહેતા હોય તો જ બાંધકામ કરવાનું રહેશે.

(૯) બિનખેતીના કામે અભિપ્રાય જે તે સર્વે નંબર અથવા અંતિમખંડ અગર પ્લોટની જમીન પુરતો જ આપવામાં આવેલ છે.

(૧૦) આ અભિપ્રાયના કારણે અરજદારની માલિકી તથા જમીન હદ વિસ્તાર તથા ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી. પરંતુ નિયમાનુસાર લે-આઉટ પ્લાન અંગેનો જ અભિપ્રાય આપવામાં આવેલ છે. અરજદારની માલિકી તથા જમીનની હદ, વિસ્તાર, ક્ષેત્રફળ અંગે સંબંધિત ખાતા પાસેથી ચકાસણી કરાવવાની રહેશે.

(૧૧) બિનખેતી પરવાનગી માટેની માંગણી કરેલ જમીનમાંથી અથવા નજીકથી પસાર થતી રેલ્વે લાઈનથી છોડવા પડતા અંતર માટે સંબંધિત ખાતા પાસેથી વાંધારહિત પ્રમાણપત્ર મેળવવાનું રહેશે અને તે પ્રમાણે અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૨) બિનખેતી પરવાનગી માટેની માંગણી કરેલ જમીનમાંથી અથવા નજીકથી પસાર થતી કેનાલ/વોટર કોર્સથી છોડવા પડતા અંતર માટે સંબંધિત ખાતા પાસેથી વાંધારહિત પ્રમાણપત્ર મેળવવાનું રહેશે અને તે પ્રમાણે અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે

(૧૩) બિનખેતી પરવાનગી માટેની માંગણી કરેલ જમીનમાં આવવા-જવા માટેના કાયદેસરના રસ્તા અંગેની ચકાસણી કરવાની રહેશે.

(૧૪) ઉદ્યોગ ખાતાના જે તે સંબંધિત અધિકારીશ્રીનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે.

(૧૫) પ્રદૂષણ અંગે એર એન્ડ વોટર પોલ્યુશન બોર્ડના જે તે સંબંધિત અધિકારીશ્રીનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે.

(૧૬) લે-આઉટમાં દર્શાવેલ કોમન પ્લોટની માલિકી સહિયારી રહેશે.

(૧૭) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૯-૦૫-૨૦૦૧ ના હુકમ નં.પરચ/ ૧૦૨૦૦૧/ ૪૫૫/લ ની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૮) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ નં. પરચ-૧૦૨૦૦૪-૧૯૬૧-લ, તારીખ: ૨૭-૦૭- ૨૦૦૪ના હુકમ અન્વયે વરસાદી પાણીના ભૂતળવહન માટેની જોગવાઈઓ કરવાની રહેશે.

(૧૯) અન્ય :

૧. સરકારશ્રી દ્વારા પાતાળકુવા/શોષ કુવા બાબતે જે નીતિ નક્કી કરવામાં આવે તે મુજબ અમલ અરજદારશ્રીએ કરવાનો રહેશે.

૨. મોજે : બાવળા ના હયાત વિકાસને ધ્યાને લઈ સૂચિત સદર મંજુરીથી થનાર વિકાસ અર્થે જાહેર હિતમાં સત્તામંડળ દ્વારા મંજુરી મુજબ અમલીકરણની તથા પૂરી પાડવાની થતી પાયાની સુવિધાઓ જેવી કે રસ્તા, પાણી, ગટર, વરસાદી પાણીનો નિકાલ, ટ્રાફિક તથા અન્ય બાબતો ધ્યાને લઈ સત્તામંડળની ક્ષમતા અંગે વિચારણા કર્યા બાદ યોગ્ય જણાય તો જ આગળની કાર્યવાહી કરવાની થશે.

૩. સવાલવાળી જમીનથી મુખ્ય રસ્તા સુધી પાકા રસ્તાની વ્યવસ્થા જમીન માલિકશ્રીએ ઉપયોગ શરૂ કરતાં અગાઉ પોતાના ખર્ચે કર્યા બાદ ઉપયોગ શરૂ કરી શકાય તેવી જોગવાઈ કરવાની રહેશે.

૪. જો સરકારશ્રી દ્વારા ટાઉનશીપ અંગે કોઈ નીતિ ભવિષ્યમાં અમલમાં મુકવામાં આવે અને તે સવાલવાળી જમીનને લાગુ પડતી હોય તો અરજદારશ્રી દ્વારા તેનો અમલ કરવાનો રહેશે તેની બાંહેધરી મેળવવી જરૂરી જણાય છે.

૫. આ અભિપ્રાય અરજદારશ્રી દ્વારા રજુ કરવામાં આવેલ વિગતોના આધારે આપવામાં આવેલ છે રજુ કરેલ એકપણ કે તેથી વધુ વિગતો ખોટી હોવાનું જાહેર થયેથી આ અભિપ્રાય રદ થયેલ ગણાશે.તેમજ તેની સઘળી જવાબદારી અરજદારશ્રી/એન્જીનીયરશ્રી ની રહેશે.

૬. સવાલવાળી જમીનના પ્રવેશ રસ્તાની હયાતી તથા પહોળાઈ બાબતે સક્ષમ અધિકારીશ્રી દ્વારા ચકાસણી કરાવી લેવાની રહેશે.

૭. સવાલવાળી જમીનના તમામ સ.નં. અંગે ૭/૧૨,માપણી શીટ,સંપાદીત જમીનોના ક્ષેત્રફળની ચકાસણી તથા સવાલવાળી જમીનની માલીકી,ક્ષેત્રફળ,હદ,માપ,૭/૧૨ના ઉતારા,બીજા હકક,હકક પત્રક,નોંધ,સવાલવાળી જમીનમાં કોઈ દાવો થયેલ હોય તે તમામ બાબતોની ચકાસણી બિનખેતીની મંજૂરી આપતા જે તે સક્ષમ અધિકારીશ્રી મારફતે કરાવી લેવાની રહેશે.

૮. ફલેટ પ્રકારના બાંધકામ અંગેનું આયોજન હોઈ સ્ટ્રકચરલ સેફટી અંગેની જવાબદારી અરજદારશ્રી, ડેવલોપર્સશ્રી, બીલ્ડરશ્રી, જમીનમાલિકશ્રી, એન્જીનીયરશ્રીની રહેશે.

૯. સવાલવાળી જમીનમાં રજુ કરેલ બાંધકામ અંગે અરજદારશ્રીએ રજુ કરેલ તેઓશ્રીના તા.૦૫/૦૪/૨૦૧૯ ના સોગંદનામા માં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. સવાલવાળી જમીનમાં આયોજન કરેલ સૂચિત બાંધકામ અંગે પર્યાવરણ ની જાળવણી માટે નિયમાનુસર સૌ પ્રથમ સંબંધિત અધિકારીશ્રીનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે.ત્યાર બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૧૧. સવાલવાળી જમીનની આજુબાજુમાં અભયારણ્ય,એસ.આઈ.આર.,આર્કીયોલોજી કે અન્ય વિભાગને લગતા કાયદાઓ/ નિયંત્રણો અન્વયે અરજદારશ્રીએ સૌ પ્રથમ ના-વાંધા પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે.ત્યારબાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૧૨. સવાલવાળી જમીનમાં રજુ કરેલ બાંધકામ અંગે સંબંધિત વિભાગ/સરકારી/અર્ધસરકારી/નિગમો/બોર્ડ વિગેરે તરફથી મેળવવાના થતા " નાં વાંધા પ્રમાણપત્ર " મેળવી લેવાના રહેશે.

૧૩. સવાલવાળી જમીનમાં જી.ડી.સી.આર.ની જોગવાઈઓ મુજબ ટ્રી પ્લાન્ટેશન,પરકોલેટીંગ વેલનું આયોજન કરવાનું રહેશે.

૧૪. સવાલવાળી જમીનમાં રહેણાંક યુનીટ માટે વિકાસ સુચવેલ હોઈ તે મુજબ પીવાના પાણીનો તથા ગંદા પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા તથા તેની જાળવણી માટેની વ્યવસ્થા ડેવલપર/જમીન માલિકે કરવાની રહેશે.

૧૫. મુખ્ય રસ્તાના લેવલથી સુચિત પ્લોટોમાંના બાંધકામનું પ્લીન્થ લેવલ ઉંચું રાખવાનું રહેશે.

૧૬. સ્યુએજ વેસ્ટ વોટરનું પૂર્ણ વૈજ્ઞાનિક ઢબે શુધ્ધિકરણ કરી,સદર શુધ્ધ થયેલ પાણીનો નિકાલ પ્રશ્નવાળી જમીનમાં જ બાગ-બગીચા વિગેરે માટે થાય તેમ 'ઝીરો વેસ્ટ વોટર આઉટ સાઈડ ડીસ્પોઝલ'નું આયોજન અને અમલીકરણ કરવાની સંપુર્ણ જવાબદારી ડેવલપર/જમીન માલિકની રહેશે.

૧૭. સોલીડ વેસ્ટ તથા વોટર ડીસ્પોઝલ માટે સોઈલ સ્યુટેબલીટી રીપોર્ટને આનુસાંગિક હાયજીનીકલી ડીસ્પોઝલ તથા મેઈન્ટેનન્સની યોગ્ય વ્યવસ્થા સહનું આયોજન અને અમલીકરણ કરવાની સંપુર્ણ જવાબદારી ડેવલપર/જમીન માલીકની રહેશે.

૧૮. પ્રશ્નવાળી જમીનમાં સુચિત વિકાસ અન્વયે તમામ આંતરમાળખાકીય સવલતોનો વિકાસ ડેવલપર/ જમીન માલીકે કરવાનો રહેશે,તદ્ઉપરાંત વપરાશ ચાલુ થયા બાદ જયાં સુધી આવો વિસ્તાર નગરપાલિકામાં ભળે નહી ત્યાં સુધિ આંતરમાળખાકીય સવલતોની જાળવણી/નિભાવણી કરવાની જવાબદારી ડેવલપરની રહેશે.

૧૯. ફલેટ પ્રકારનું બાંધકામ હોઈ,અધિકૃત સંસ્થામાંથી સવાલવાળી જમીનનો સોઈલ ટેસ્ટીંગ રીપોર્ટ મેળવી તે મુજબ સ્ટ્રકચરલ ડિઝાઈન તૈયાર કરી અરજદારશ્રી, ડેવલોપર્સશ્રી, બીલ્ડરશ્રી, જમીનમાલિકશ્રી, એન્જીનીયરશ્રી એ બાંધકામ કરવાનું રહેશે.

૨૦. ફાયર સેફટી માટે જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે તથા તે અંગેનું જરૂરી "ના વાંધા પ્રમાણપત્ર જે તે સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવી લેવાનું રહેશે.

૨૧. કાર્યપાલક ઈજનેરશ્રી,અમદાવાદ સિંચાઈ વિભાગ,અમદાવાદના જા.નં.અસિવિ/પી.બી.૪/બાવળા/અભિપ્રાય/૧૧૫૫, તા.૩૦/૦૩/૨૦૧૯ માં જણાવેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

૨૨. સવાલવાળી જમીનની લાગુ જમીનમાંથી પસાર થતી કેનાલથી છોડવા પડવા માર્જીન અંગે અરજદારશ્રીએ રજુ કરેલ તેઓશ્રીના તા.૧૦/૦૪/૨૦૧૯ ના સોગંદનામા માં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.તેમજ અરજદારશ્રીને બંધનકર્તા રહેશે.

આમ, ઉપરોકત વિગતોએ ભલામણ કરેલ નકશાની બે નકલો આ સાથે સામેલ છે, જે વિદિત થાય.

અત્રે રજુ થયેલ પ્લાનમાં સહી સિક્કા કરેલ સ્ટ્રકચરલ એન્જીનીયરશ્રી, આર્કિટેકટશ્રીના નામ પ્રોજેક્ટના સાહિત્ય/બ્રોસરમાં તથા સ્થળે સાઈન બોર્ડ ઉપર દર્શાવવાના રહેશે.

બિડાણ : ઉપર મુજબ.

નગર નિયોજક
અમદાવાદ

નકલ સવિનય રવાના :
જિલ્લા કલેકટરશ્રી,અમદાવાદ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.

S.T.D. (૦૨૭૧૪) ૨૩૨૫૪૬
Fax : ૨૩૦૧૩૯

બાવળા નગરપાલિકા, બાવળા.

નં.બ.ન.પ.- વિ.પ./૬૦/૨૦૧૯
નગર સેવા સદન, સ્ટેશન રોડ,
બાવળા-૩૮૨ ૨૨૦. જી. અમદાવાદ.
તા.૨૬ - ૦૬ -૨૦૧૯

પ્રતિ,

શ્રી સહજાનંદ બિલ્ડર એ નામની
ભાગીદારી પેઢીના વતી તેના ભાગીદાર તરીકે
રાજેશ બાલુભાઈ સાવલીયા તથા અન્ય,
૧ લો માળ, પ્રેરણા કોમ્પલેક્ષ,
બાવળા.

–:રજાચિઠ્ઠી:–

વિષય:– બાંધકામની રજાચિઠ્ઠી આપવા બાબત.

સંદર્ભ:– આપની તા.૧૧/૦૬/૨૦૧૯ની અરજી.

વિગત:– રે.સર્વે નં.૨૯૭૨ (જુનો નં.૯૧), ટી.પી.સ્કીમ નં.૧,
ફા.પ્લોટ નં.૧૮૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે બાવળા નગરપાલિકા તરફથી તમોને વિકાસ પરવાનગી અત્રેની કચેરીના પત્ર નં.બનપ/વી.પ./ ૬૦ /૨૦૧૯, તા.૨૬ /૦૬ /૨૦૧૯ થી આપેલ છે. તો વિકાસ પરવાનગી મુજબ અને મંજુર કરેલ પ્લાન નકશા મુજબ વિકાસ પરવાનગીની શરત નં.૧ થી ૩૧ મુજબ બાંધકામ કરવા માટેની આ રજાચિઠ્ઠી આપવામાં આવે છે. તથા ફાયર સેફટીના નિયમો મુજબ જરૂરી ફાયર ફાયટીગ મશિનરી ઈમારતમાં ફીટ કરાવી સબંધિત વિભાગ પાસેથી એન.ઓ.સી. મેળવી લેવાનું રહેશે. વધુમાં સદર બાંધકામ બાબતે ભૂંકપ અંગે સ્ટ્રકચરલ સ્ટેબીલીટીની જવાબદારી અરજદાર / ઓર્ગેનાઈઝર / ડેવલોપર્સ / સ્ટ્રકચરલ એન્જીનીયરની રહેશે. તે શરતે આ રજાચિઠ્ઠી આપવામાં આવે છે.

(સ્ટેમ્પ: બાવળા વિસ્તાર વિકાસ સત્તા મંડળ, બાવળા)

(સહી)
મુખ્ય કારોબારી સત્તાધિકારી અધિકૃત અધિકારી
બાવળા વિસ્તાર વિકાસ સત્તા મંડળ, બાવળા.

બાવળા નગરપાલિકા, બાવળા.

નં.બનપ. / વિ.પ / ૬૦/૨૦૧૯

નગરપાલિકા કચેરી,
બાવળા-૩૮૨ ૨૨૦.
(તા. બાવળા)

તારીખ : ૨૬/૦૬/૨૦૧૯

નમૂનો-ઘ
(જુઓ નિયમ-૧૦)
વિકાસ માટેની પરવાનગી

શ્રી → સહજાનંદ બિલ્ડર એ નામની ભાગીદારી પેઢીના વતી તેના ભાગીદાર તરીકે રાજેશ બાબુભાઈ સાવલીયા તથા અન્ય
→ ૧, પહેલે માળ, પ્રેરણા કોમ્પલેક્ષ, બાવળા
ને રહેણાંક હેતુ ——x ——x ——x ——x ——
——x ——x ——x ——x ——x —— માટે

નીચેની શરતોએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (સને ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ નંબર-૨૭) નીકલમ ૨૯ (૧) (૧) / ૨૯ (૧) (૨) / (૨૯) (૧) (૩) અથવા ૪૯ (૧) (ખ) હેઠળ આથી પરવાનગી આપવામાં આવે છે.

મોજે ગામ : બાવળા

સર્વે નંબર : ૨૯૭૨ (જુનો-નં-૯૧)

નગર રચના યોજના બાવળા નં. ૧ અંતિમ ખંડ નંબર : ૧૮૯
સબ પ્લોટ — માં તેમની કાયદેસરની હદ મર્યાદામાં નીચે વર્ણન કાર્ય પ્રમાણે વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

કામનું વર્ણન

વિકાસનો ઉપયોગ	નવા વિકાસનું ઉપયોગી ક્ષેત્રફળ	નવા વાસની સંખ્યા	નવા વાસની પ્રકાર	વાસની કુલ સંખ્યા
૧	૨	૩	૪	૫

FLOOR / BLOCK	USE	A BLOCK		B + C + D BLOCK		E + F + G BLOCK		H BLOCK		Total	
		Unit	B.A.	Unit	B.A.	Unit	B.A.	Unit	B.A.	Unit	B.A.
GR.FL	Park.	-	190.84	-	800.26	-	587.44	-	261.53	-	1840.07
1st FL	RESI.	04	190.84	12	800.26	12	587.44	04	261.53	32	1840.07
2nd FL	RESI.	04	190.84	12	800.26	12	587.44	04	261.53	32	1840.07
3rd FL	RESI.	04	190.84	12	800.26	12	587.44	04	261.53	32	1840.07
4th FL	RESI.	04	190.84	12	800.26	12	587.44	04	261.53	32	1840.07
5th FL	RESI.	04	190.84	12	800.26	12	587.44	04	261.53	32	1840.07
6th FL	RESI.	04	190.84	12	800.26	12	587.44	04	261.53	32	1840.07
STAIR CABIN	-	-	17.03	-	56.09	-	61.56	-	18.06	-	152.74
LIFT M.R.	-	-	11.56	-	43.58	-	43.58	-	12.86	-	111.58
O.H.W.T.	-	-	11.56	-	43.58	-	43.58	-	12.86	-	111.58
Total		24	1376.03	72	5745.07	72	4260.80	24	1874.49	192	13256.39

(૧) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૨૬ અને ૪૯ પ્રમાણે નગર રચના યોજના વિસ્તારમાં જમીન આવેલી હશે તો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૨૬ અને ૪૯ માં જણાવ્યા પ્રમાણેનું કોઈપણ વિકાસ કામ કરતાં પહેલા વિસ્તાર વિકાસ સત્તામંડળ, બાવળાની જરૂરી મંજુરી મેળવવી પડશે.

(૨) વિકાસ પરવાનગી હેઠળનું કોઈપણ પ્રકારનું બાંધકામ શરૂ કરતાં પહેલાં જમીન મહેસુલ કાયદાની કલમ ૬૫ પ્રમાણે જમીનનો બીનખેતી ઉપયોગી શરૂ કરતાં પહેલાં નાયબ કલેકટરશ્રી, ધોળકા પ્રાંત, ધોળકા / સમક્ષ અધિકારીશ્રીની આવશ્યક પરવાનગી અનિવાર્યપણે મેળવી લેવાની રહેશે.

(૩) વિકાસ યોજનાની અને નગર રચના યોજનાની જુદા જુદા વિસ્તારમાં જમીનો અને મકાનનો ઉપયોગ વિષે જે નિયમ હશે તેની વિરૂદ્ધનો ઉપયોગ કરી શકાશે નહી તેમજ રજા માંગતી વખતે યોજનાના દરેક ખંડનો જ ઉપયોગ દર્શાવ્યો હશે તેથી જુદો ઉપયોગ અગાઉથી મંજુરી લીધા સિવાય કરી શકાશે નહીં.

(૪) અંતિમ ખંડની હદ તથા ફાળવણી નગર રચના અધિકારીશ્રી દ્વારા ફેરફારને પાત્ર છે.

(૫) લે આઉટ પ્લાનમાં દર્શાવેલ માર્જિન તથા ખુલ્લી જગાઓ સ્થળ ઉપર છોડવાની સંપૂર્ણ જવાબદારી માલિકની છે અને માલિકની રહેશે.

(૬) વિકાસ પરવાનગી માટેની માંગણી કરેલ જમીનમાંથી અથવા નજીકથી વર્ગીકૃત રસ્તો પસાર થતો હોય, રેલ્વે લાઈન પસાર થતી હોય, હાઈટેન્શન ઈલેક્ટ્રીક ઓવરહેડ લાઈન પસાર થતી હોય, ઓ.એન.જી.સી ની પાઈપ લાઈન પસાર થતી હોય તો નિતિનિયમ મુજબનું સ્થળઉપર અંતર છોડીને બાંધકામ કરવાનું રહેશે.

(૭) બીલ્ડીંગ પ્લોટના માપો તથા ક્ષેત્રફળ મળી રહેતાં હોય તો જ બાંધકામ કરવાનું રહેશે.

(૮) વિકાસ પરવાનગી અન્વયે બાંધકામ જે તારીખે શરૂ કરવામાં આવે તે તારીખની વિસ્તાર વિકાસ સત્તામંડળ, બાવળાને લેખિત જાણ કરવાની રહેશે. આવી જાણ દિવસ ચારમાં કરી દેવાની રહેશે.

(૯) વિકાસ પરવાનગી સર્વે નંબર અથવા અંતિમખંડ અગર પ્લોટમાં અરજદાર જે જમીનના માલિક છે તે જમીન પુરતી જ આપવામાં આવેલી છે અને અરજદારે સર્વે નંબર/અંતિમ ખંડ નંબરનો વિકાસ પરવાનગી મેળવતાં પ્રથમ વિકાસ ફાળો પૂરેપૂરો ભરી દેવાનો રહેશે.

(૧૦) આ પરવાનગીથી અરજદારની માલિકી તથા જમીનની હદ વિસ્તાર તથા ક્ષેત્રફળ વિસ્તાર વિકાસ સત્તામંડળે કાયદેસરની રીતે માન્ય રાખેલ છે તેમ સમજવાનું નથી, પરંતુ ફક્ત નિયમાનુસાર બાંધકામ કરવા માટેની જે મંજુરી મળેલી છે. તેમ સ્પષ્ટ સમજવાનું છે.

(૧૧) વિકાસ પરવાનગી પત્ર વિસ્તાર વિકાસ સત્તામંડળના નિયમો મુજબ આપવામાં આવેલ છે, ખાનગી હકોના નુકશાન અંગે સત્તામંડળની કોઈ જવાબદારી છે નહી અને રહેશે નહી.

(૧૨) વિકાસ પરવાનગીમાં મંજુર કરેલ નકશામાં દર્શાવેલ બાંધકામમાં સુધારા વધારા કે તેમાં દર્શાવ્યા સિવાયના વધારાના બાંધાકામો અત્રેથી પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય કરી કે કરાવી શકાશે નહી.

(૧૩) રસ્તા ઉપર બાંધકામનો માલ સામાન, ઈમારતી સામાન, પુરણી વગેરે પ્રથમથી રજા મેળવ્યા સિવાય નાખવું નહી. રજા મેળવીને નાખવા સમયે પણ જરૂરી વ્યવસ્થિત જોઈતું કોર્ડન કરીને રાહદારીઓને તથા ટ્રાફીકને અટકાયત કે અવરોધ થાય નહી તેની યોગ્ય તે પુરતી કાળજી રાખીને નાખવું પડશે.

(૧૪) કોઈપણ પ્રકારના અકસ્માત માટે વિસ્તાર વિકાસ સત્તામંડળની કોઈ જવાબદારી નથી.

(૧૫) અરજદારે નિયમાનુસાર ભરવાનો થતો વિકાસ ચાર્જ જમા કરવાનો રહેશે.

(૧૬) વિસ્તાર વિકાસ સત્તામંડળ, બાવળા ઠરાવે તે મુજબ અરજદારે સીક્યુરીટી ડીપોઝીટ જમા કરાવવી પડશે અને આપેલ વિકાસ પરવાનગી મુજબનું બાંધકામ પુરૂ થયે, અત્રેથી વાપરવાની પરવાનગી આપવામાં આવે તે પછી, અરજદારે સીક્યુરીટી ડીપોઝીટ પરત મેળવવા માટે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે અને તે મળેથી અન્ય રીતે કોઈ કપાત કરવાની નહી હોય તો દિવસ દસમાં પરત આપવામાં આવશે.

(૧૭) આપેલ વિકાસ પરવાનગીની શરતો તેમજ વિકાસના નિયમોનું ઉલ્લંઘન કરવાથી આ સત્તામંડળમાં જમા કરાવેલ સીક્યુરીટી ડિપોઝીટ પૂર્ણ અથવા અંશતઃ રકમ સત્તામંડળ જપ્ત કરશે. આ બાબતે સત્તામંડળનો નિર્ણય અરજદારને બંધનકર્તા રહેશે. સત્તામંડળનો આ નિર્ણય સત્તામંડળના હક્કો અધિકારો તેમજ બીજા સુધારાઓને બાધ ન આવે તે રીતે લેવામાં આવેલ છે.

(૧૮) વિકાસ પરવાનગી મુજબના બાંધકામ નીચેની જમીન લેન્ડ એકવીઝીશન એક્ટ ૧૮૯૪ મુજબ એકવાયર કરવા માટે કલમ-૪ અન્વયે જાહેરનામું બહાર પાડેલું હશે તો અરજદારે બાંધકામ શરૂ કરતાં પહેલાં જમીન સંપાદન અધિનિયમની કલમ ૨૪ (૭) મુજબ જીલ્લા કલેકટરશ્રી, અમદાવાદની અથવા સક્ષમ પ્રાધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે તથા ભૂકંપ, પુર, વાવાઝોડા જેવી કુદરતી આપત્તીના સમયે સ્ટ્રકચરલ સ્ટેબીલીટીની જવાબદારી અરજદાર/ઓર્ગેનાઈઝર/સ્ટ્રકચરલ એન્જીનીયરની રહેશે તથા જમીનનો S.B.C. રીપોર્ટ કરાવીનેજ કામ કરવાનું રહેશે.

(૧૯) વખતો વખત વિસ્તાર વિકાસ સત્તામંડળ, બાવળા તરફથી વિકાસ માટેના નિયમો, પેટા નિયમો, શરતો તથા જાહેરાત કરાય તે અરજદારને બંધનકર્તા રહેશે અને અરજદારે તેનું પાલન કરવાનું રહેશે.

(૨૦) વિસ્તાર વિકાસ સત્તામંડળના અધ્યક્ષ અથવા અધિકૃત અધિકારી આ વિકાસ પરવાનગી પત્ર જોવા માગે તો તેને બતાવવા માલિક બંધાયેલ છે. તે નહી બતાવશે તો તે કેમ બંધ કરવા હુકમ કરશે અને તે મુજબનું કામ બંધ કરવું પડશે.

(૨૧) વિસ્તાર વિકાસ સત્તામંડળના અધ્યક્ષ અથવા અધિકૃત અધિકારી વિકાસ પરવાનગી હેઠળનું બાંધકામ જોવા તપાસવા માગે તો અરજદારે, બાંધકામ કરનાર કે કરાવનારે તમામ પ્રકારની વ્યાજબી સગવડ આપવાની રહેશે. તેમ નહી કરવા દેનારને તે યોગ્ય હુકમ કરશે અને અરજદારે તેનું પાલન કરવું પડશે.

(૨૨) પ્રવર્તમાન અન્ય અધિનિયમો હેઠળ મેળવવાપાત્ર વૈધાનિક મંજુરીઓ અરજદાર અચુક મેળવી લેશે.

(૨૩) આ વિકાસ પરવાનગી માત્ર નિયમ અનુસારનું બાંધકામ કરવા માટે જ આપવામાં આવેલી છે અને એનાથી અરજદારને કાયદેસરના કોઈપણ પ્રકારના પ્રત્યક્ષ કે પરોક્ષ હક્કો-અધિકારો પ્રાપ્ત થતાં નથી.

(૨૪) કલમ ૨૯ હેઠળ આપેલી અથવા આપેલ હોવાનું ગણાતી દરેક પરવાનગી, આપવામાં આવ્યાની તારીખથી એક વર્ષની મુદત સુધી અમલમાં રહેશે અને ત્યારબાદ તે બંધ પડશે. પરંતુ સમુચિત સત્તામંડળ પોતાને કરેલી અરજી ઉપરથી આવી મુદત ત્રણ વર્ષ સુધી વધારી શકશે.

(૨૫) આ વિકાસ પરવાનગી હેઠળનું બાંધકામ પુરૂ થયેથી તેવું બાંધકામ વપરાશમાં લેતા પહેલાં વિસ્તાર વિકાસ સત્તામંડળ, બાવળાનું (કમેન્સમેન્ટ સર્ટીફીકેટ) વપરાશનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. તે સિવાય વપરાશ શરૂ કરી શકશે નહીં વધુમાં અરજદારે પોતાની માલિકીની જગ્યામાં ઓછામાં ઓછા ....૧૩૪.... વૃક્ષોનું વાવેતર કરવાનું રહેશે અને માવજત માટેની સગવડ કરવાની રહેશે અને જો તેમ નહી કરવામાં આવેતો વૃક્ષારોપણ અર્થે ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૨૬) સંબંધકર્તા તમામ વૈધાનિક જોગવાઈઓનું પાલન કરવું પડશે.

(૨૭) આ પરવાનગીની કોઈપણ શરતનો ભંગ થતાં આ પરવાનગી આપોઆપ રદબાતલ થયેલી ગણાશે અને તેમ થતાં સવાલવાળું વિકાસ બાંધકામ ગેરકાયદેસરનું અને અનધિકૃત ગણી તે પરત્વે કાયદાનુસાર પગલાં લેવાને પાત્ર થશે. વિશેષમાં વિસ્તાર વિકાસ સત્તામંડળ તે શરત કે શરતોનું પાલન કરાવી શકશે અને તેમ કરવા જતાં માલિકને જે કાંઈ નુકશાન, ખોટ કે હરકત થાય તે માટેની કોઈ જવાબદારી કે જોખમદારી વિસ્તાર વિકાસ સત્તામંડળ, બાવળાની નથી તેમજ તે બદલ અરજદારને કોઈપણ વળતર કે બદલો મળવા પાત્ર રહેશે નહી.

(૨૮) બાંધકામ શરૂ કરતા પ્રથમ બાવળા નગરપાલિકા, બાવળાની રજા ચીઠ્ઠી મેળવવાની રહેશે.

(૨૯) બાંધકામ કરવા માટે તથા પીવા માટેના પાણીની વ્યવસ્થા, ગંદા તથા વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા તથા સ્ટ્રીટલાઈટની વ્યવસ્થા અરજદારે સ્વખર્ચે કરવાની રહેશે.

(૩૦) વિકાસ પરવાનગી/બાંધકામ મંજુરી મળેથી નગરપાલિકામાં આકારણી કરાવવાની જવાબદારી અરજદારની રહેશે.

(૩૧) ફાયર સેફ્ટીના નિયમો મુજબ જરૂરી ફાયર ફાઈટીંગ મશીનરી ઈમારતમાં ફીટ કરાવી સબંધીત વિભાગ પાસેથી એન.ઓ.સી મેળવી લેવાનું રહેશે.

વિસ્તાર વિકાસ સત્તા મંડળ બાવળા

મુખ્ય કારોબારી સત્તાધિકારી અધિકૃત અધિકારી
બાવળા વિસ્તાર વિકાસ સત્તા મંડળ, બાવળા.